For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## અભ્યાસના ટેન્શનમાં BCAના વિદ્યાર્થીનો ફાંસો ખાધો

સુરતઃ વેડરોડમાં BCAનાં વિદ્યાર્થીએ અભ્યાસના ટેન્શનમાં આવીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. એટીકેટી આવતા એન્જિનિયરિંગના અભ્યાસથી ડ્રોપ લીધો હતો અને BCAનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું હતું. ચોકબજાર પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બોટાદ જિલ્લાના સમઢીયાળા ગામના વતની શર્મિલ મુકેશભાઈ માંડવીયા (ઉં.વ.22) હાલ વેડરોડ વિસ્તારમાં આવેલી ભગુનગર સોસાયટી વિભાગ-1માં પરિવાર સાથે રહેતો હતો. તેમજ તેના પિતા વતનમાં ખેતીકામ કરે છે. શર્મિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો હતો. પરંતુ તેની પરીક્ષામાં એટીકેટી આવતા તેએ અભ્યાસ છોડીને BCAમાં અભ્યાસ કરવા લાગ્યો હતો. હાલમાં તે બીસીએના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. સોમવારે બપોરે શર્મિલે ઘરમાં લોખંડના પાઈપ સાથે પ્લાસ્ટિકની દોરી બાંધીને ફાંસો ખાઈ

...અનુસંધાન પાના 5 પર

### સુરત મહાનગરપાલિકા ચૂંટણીમાં આજે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો અંતિમ દિવસ

# કોણ કોની સામે લડશે? આજે ફાઈનલ

**30** વોર્ડની 120 બેઠક માટે ભરાયેલા 1059માંથી કોંગ્રેસનું એક અને આપના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા

**તમામ** બેઠકો મળીને માત્ર 498 ઉમેદવારના ફોર્મ માન્ય રખાયા હતા

**આજે** કેટલા અને કોના ફોર્મ પરત ખેંચવામાં આવે છે તેની પર સૌની નજર

### સુરત જિલ્લા પંચાયતમાં પણ ઉમેદવારોનું ચિત્ર આજે સ્પષ્ટ થશે

જિલ્લા પંચાયત ખાતે પણ આજે ફોર્મ ખેંચવાની તારીખ છે. જિલ્લા પંચાયતની 36 બેઠકો પર હાલમાં 100 ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા હતા. જ્યારે 36 ફોર્મ રદ થયા હતા. જેમાં નવાગામ બેઠકના કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. જ્યારે કોંગ્રેસના સાયણ અને કિમ બેઠકના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. આજે કોણ કોણ ફોર્મ પરત ખેંચે છે તેની સ્થિતિ સ્પષ્ટ થયા બાદ કઈ બેઠક પર કોણ કોની સામે ચૂંટણી લડશે તે નક્કી થશે.

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈને ઉમેદવારી પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. શહેરના રાજકીય વાતાવરણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે, ત્યારે ઉમેદવારોની પસંદગી અને ફોર્મ ચકાસણી બાદ હવે અંતિમ રેસ માટેના ચહેરા લગભગ સ્પષ્ટ થવા તરફ આગળ વધી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, કુલ 1059 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી. 13મી તારીખે હાથ ધરાયેલી ચકાસણી પ્રક્રિયામાંથી માત્ર 498 ઉમેદવારના ફોર્મ માન્ય ઠર્યા, જ્યારે 561 ફોર્મ વિવિધ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવ્યા હતા. આથી ચૂંટણી પહેલાં જ અડધી સંખ્યાથી વધુ ઉમેદવારો રેસમાંથી બહાર થઈ ગયા છે. ફોર્મ રદ થવામાં મોટા રાજકીય પક્ષોના ઉમેદવારો પણ બચી શક્યા નથી. કોંગ્રેસના વોર્ડ 12ના ઉમેદવાર ભૂપેન્દ્ર પટેલનું ફોર્મ રદ થયું હતું. આમ આદમી પાર્ટીના કેટલાક ઉમેદવારો પણ પ્રભાવિત થયા છે, જેમાં વોર્ડ 20ના ગિરીશ ચૌહાણ, વોર્ડ 21ના દક્ષા ભાવસાર, વોર્ડ 27ના જાગૃતિ બલદાણિયાના ફોર્મ રદ થયા હતા. આથી પક્ષોમાં આંતરિક ચર્ચાઓ અને નવી રણનીતિઓ ઘડાઈ રહી છે. હવે ચૂંટણી પ્રક્રિયાનો અગત્યનો તબક્કો એટલે કે ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા આજે, 15મી તારીખે પૂર્ણ થવાની છે. ઘણા ઉમેદવારો રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને પોતાનું નામ પરત ખેંચી શકે છે. ફોર્મ પરત ખેંચવાની સમયમર્યાદા પૂરી થયા બાદ મેદાનમાં કેટલા ઉમેદવારો રહેશે તેનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે. આ સાથે જ દરેક વોર્ડમાં ચૂંટણી લડત કેટલા ઉમેદવારો વચ્ચે થશે તે પણ નક્કી થઈ જશે.

ઉલ્લેખનીય છે કે, હરીફ રાજકીય પક્ષ પોતાના ઉમેદવારોને સમજાવીને, લલચાવીને, ફોસલાવીને ફોર્મ પરત ખેંચાવી નહીં લે તે માટે અન્ય રાજકીય પક્ષો દ્વારા પોતાના ઉમેદવારોને ભૂગર્ભમાં ઉતારી દેવામાં આવ્યા છે. જ્યારે અપક્ષોનો પણ રાફડો ફાટ્યો હોવાથી અપક્ષોને પણ મેદાનમાંથી હટાવવા માટે મંગળવારની રાત્રે ભારે કાવાદાવા ચાલશે. આવતીકાલે સાંજે ખબર પડશે કે કોના કાવાદાવા સફળ રહ્યાં.

### કથિત રીતે સરીગામ તાલુકા પંચાયતની બેઠકના અપક્ષ ઉમેદવારનું

# ફોર્મ રદ કરાવવા દબાણની ચર્ચા વચ્ચે ઉમરગામના મામલતદારનો આપઘાત

**સરીગામ** બેઠક માટે અપક્ષ, ભાજપના ઉમેદવાર અને તેમના વકીલોએ મામલતદાર સામે ઉગ્ર દલીલો કરી હતી

**વાપી** રેલ્વે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મોબાઇલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી

ઉમરગામ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ખૂબ જ હેરાન કરનારા સમાચાર સામે આવ્યા

...અનુસંધાન પાના 5 પર

### રાત્રે 11 વાગ્યા સુધીમાં ફોર્મ રદ કરવું કે માન્ય રાખવુ તે અંગે નિર્ણય સંભળાવાના હતા

ચાલતી ચર્ચા મુજબ સોમવારે તારીખ 13 મી એપ્રિલના રોજ ઉમરગામ મામલતદાર કચેરી ખાતે ઉમેદવારી પત્રકોની ચકાસણી કરવામાં આવી રહી હતી. તે વખતે સરીગામ તાલુકા પંચાયતની બેઠકના ભાજપના ઉમેદવાર દીપક મિસ્ત્રીના અધિકૃત વ્યક્તિએ અપક્ષ ઉમેદવાર રાકેશ રાય સામે વાંધો ઉઠાવી ફોર્મ રદ કરવાની માંગણી કરી હતી. અપક્ષ ઉમેદવાર રાકેશ રાયને વર્ષ 2022 માં

...અનુસંધાન પાના 5 પર

### ચૂંટણીની કામગીરીના તણાવમાં પગલું ભર્યાની ચર્ચા



રાત્રે નવેક વાગ્યાના સમયે મામલતદાર ઉમરગામ અકરા મારુતિ સામે આવેલી બિલ્ડીંગમાં તેઓ એપેક્સ બિલ્ડીંગના ફ્લેટમાં ઘરે ગયા હતા. રાત્રે દસેક વાગ્યા સુધી કચેરીના સ્ટાફ સાથે તેઓની વાત પણ થઈ હતી પરંતુ તે પછી તેઓ ફોન રિસીવ કરતા ન હતા અને રાત્રે ઉમરગામ રેલવે સ્ટેશને ટ્રેન નીચે પડતુ મૂકીને આત્મહત્યા કરી લીધી હોવાની જાણ થઇ હતી. ચૂંટણીની કામગીરી અને

...અનુસંધાન પાના 5 પર









### પાંચ વર્ષ સુધી કોર્પોરેટરોની નિષ્ક્રિયતાનો ભોગ શહેરીજનો બન્યા છે

# 5 વર્ષમાં 55000 કૂતરાંનું રસીકરણ-ખસીકરણ છતાં કેમ ગલુડિયા જન્મે છે?

**'મલાઈ'** મળે ત્યાં દોડી જતાં નેતાઓ દર મહિને એક હજારથી વધુને કૂતરાં કરડતાં હોવા છતાં 'મૌન'

સુરતઃ સુરતમાં સૌથી મોટી જો કોઈ સમસ્યા હોય તો તે રખડતા કૂતરાંની છે. છેલ્લા પાંચ વર્ષમાં 61 હજાર જેટલા રખડતા કૂતરાંને પકડવામાં આવ્યા અને તેમાંથી 55471નું રસીકરણ-ખસીકરણ કરવામાં

...અનુસંધાન પાના 5 પર

### મતદારો નેતાઓને પ્રશ્નો પૂછે કે રખડતા કૂતરાંઓની સમસ્યામાં શું તમે કે તમારી પાર્ટીએ શું કર્યું?

- રખડતા કૂતરાંઓની સરેરાશ વય 10થી 12 જ વર્ષની હોય છે. છતાં પણ રખડતા કૂતરાંઓની સંખ્યા સુરતમાં વધતી જ રહી છે. કેમ?
- પાંચ વર્ષમાં 55 હજારથી પણ વધુ રખડતા કૂતરાંના રસીકરણ-ખસીકરણ કરવામાં આવ્યા છતાં નવા ગલુડિયા જન્મતાં જ જાય છે, કેમ?
- રખડતા કૂતરાંને ખવડાવવા માટેના સ્થળો જાહેરમાં કેમ? છેવાડાના કે પછી ખુલ્લા પ્લોટમાં કેમ ખવડાવવા માટેના સ્થળો બનાવતા નથી?
- રખડતા કૂતરાંનું

...અનુસંધાન પાના 5 પર

હિસાબ મતનો

### સુરતમાં બાળકોને રખડતા કૂતરાં કરડવાની અનેક ઘટના બની છે

- ભેસ્તાનમાં તા.13મી માર્ચના રોજ 4 વર્ષના બાળકને રખડતા કૂતરાંએ બચકા ભર્યા
- ઉનના 9 વર્ષના વિદ્યાર્થીને રખડતા કૂતરાંએ બચકાં ભરતાં તેની હાલત ગંભીર થઈ હતી
- હજીરાના કવાસમાં 15મી જાન્યુ.એ 9 વર્ષના બાળકને કરડી ખાધું હતું.

### છેલ્લા એક અઠવાડિયાથી વધી રહેલી કાળઝાળ ગરમીથી રાહત

# સુરતમાં બપોરે 1થી 4 વાહનોએ સિગ્નલો પર ઊભા નહીં રહેવું પડે

**આખા** સુરત શહેરમાં કુલ 217 સિગ્નલ છે, તમામ બપોરે બંધ રહેશે

સુરતઃ છેલ્લા એક અઠવાડિયાથી સુરતમાં ગરમીએ તોબા પોકારાવી દીધી છે. કાળઝાળ ગરમીમાં લોકો પરેશાન થઈ રહ્યા હતા. જેમાં સુરત પોલીસે થોડી રાહત કરી દીધી છે. બપોરે એક વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી શહેરનાં તમામ સિગ્નલો બંધ રાખવાનો નિર્ણય પોલીસે કર્યો છે. એટલે કે વાહનચાલકે કોઈ પણ સિગ્નલ પર ઊભા નહીં રહેવું પડે. 30 સેકન્ડથી લઈબે મિનિટ સુધી સિગ્નલ પર ઊભા રહેવું પડતું હતું તેમાંથી મુકિત મળી છે.

ટ્રાફિક શાખાના નાયબ પોલીસ કમિશનર પન્ના મોમૈયાના જણાવ્યા મુજબ શહેરમાં કુલ 217 સિગ્નલો

...અનુસંધાન પાના 5 પર

### સુકાં પવનો ફુંકાતા સુરતમાં ગરમી કાળઝાળ, પારો બે ડિગ્રી વધીને 39.8 ડિગ્રી નોંધાયો

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમીનો પ્રકોપ વધુ તેજ બન્યો હતો. મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો નોંધાતા પારો 39.8 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. સાથે જ લઘુત્તમ તાપમાન પણ આંશિક રીતે વધીને 26.3 ડિગ્રી નોંધાયું હતું, જેના કારણે દિવસભર તેમજ રાત્રિના સમયે પણ ગરમીનો અનુભવ રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ઘટીને માત્ર 25 ટકા રહેતા વાતાવરણ વધુ સુકું બની ગયું હતું. દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 8 કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાતા પવનને કારણે ગરમીમાં કોઈ ખાસ રાહત મળી નહોતી, પરંતુ સુકી ગરમીનો અહેસાસ વધુ વધી ગયો હતો. બપોરના સમયે સૂર્યપ્રકાશ એટલો તીવ્ર હતો કે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. ચામડી દઝાડતી ગરમીથી જનજીવન પર સીધી અસર પડી હતી અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ગરમીના વધતા પ્રભાવને કારણે રસ્તાઓ પર લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી. ઘણા લોકોએ જરૂરિયાત સિવાય બહાર ન નીકળવાનું પસંદ કર્યું હતું. ઠંડક મેળવવા માટે લોકો ઠંડા પીણા, છાંયો અને એસીવાળા સ્થળો તરફ વળ્યા હતા. તાપમાનમાં વધારો અને ભેજમાં ઘટાડાને કારણે હીટસ્ટ્રોક અને ડિહાઇડ્રેશનનો ખતરો વધી ગયો છે. તબીબો દ્વારા લોકોને વધુમાં વધુ પાણી પીવાનું, સીધી ધુપથી બચવાનું અને જરૂર પડે ત્યારે જ બહાર નીકળવાનું સૂચન આપવામાં આવ્યું છે.

# એક્સપ્રેસ વે પર વડોદરાથી ગોધરાનો ટ્રાયલ રન શરૂ

**દ.ગુ.ના** વાહનચાલકો સીધા ગોધરા સુધી જઈ શકશે

**ટ્રાયલ** રન સફળ રહ્યા બાદ સત્તાવાર લોકાર્પણ કરવામાં આવશે

ગાંધીનગરઃ ગુજરાતમાં માર્ગ કનેક્ટિવિટીને વધુ વેગ આપવા માટે દિલ્હી-વડોદરા એક્સપ્રેસવેના મહત્વના એવા ગોધરા-વડોદરા સ્ટ્રેચનું કામ પૂર્ણ થઈ ગયું છે. 13 એપ્રિલ, 2026થી આ માર્ગને ટ્રાયલ આધાર પર વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ ટ્રાયલ સફળ રહ્યા બાદ ટૂંક સમયમાં જ તેનું સત્તાવાર ઉદ્ઘાટન કરવામાં આવશે.

ભારતમાળા પરિયોજના હેઠળ તૈયાર કરાયેલો આ સ્ટ્રેચ પંચમહાલ જિલ્લાના ગોધરા નજીક આવેલા ભામૈયા ગામથી વડોદરા પાસેના ડોડકા ગામ સુધી વિસ્તરેલો છે. આ એક્સપ્રેસવેની મુખ્ય વિશેષતાઓ આ મુજબ છે. આઠ-લેન સુવિધાઃ આ માર્ગ અત્યાધુનિક આઠ-લેન અને એક્સેસ-કન્ટ્રોલ્ડ છે, જે હાઈ-સ્પીડ મુસાફરી માટે તૈયાર કરવામાં આવ્યો છે. સીધું જોડાણઃ આ માર્ગ શરૂ થવાથી ગોધરા, કાલોલ અને વડોદરા વચ્ચેનું અંતર ઘટશે અને જોડાણ વધુ સુગમ બનશે. ટ્રાફિકમાં રાહતઃ નવા એક્સપ્રેસવેને કારણે હાલના જૂના માર્ગો પર ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે.

આ એક્સપ્રેસવે માત્ર મુસાફરી જ નહીં, પરંતુ રાજ્યના વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે પણ આશીર્વાદરૂપ સાબિત થશે. સુધારેલી કનેક્ટિવિટીને કારણે માલ-સામાનની હેરફેર ઝડપી બનશે, જે સ્થાનિક ઉદ્યોગો અને વિકાસને મોટું પ્રોત્સાહન પૂરું પાડશે.એક્સપ્રેસવે પર વાહનોની ગતિ અને સુરક્ષા જાળવી રાખવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે આ માર્ગ પર ધીમી ગતિના વાહનોને પ્રવેશ આપવામાં આવશે નહીં, જેથી

...અનુસંધાન પાના 5 પર

### સુરતમાં ડુમસ રોડ પર આવેલા જાણીતા ગેમઝોન

# 'વૂપ'ના માલિક માતા-પુત્ર દ્વારા છેતરપિંડી

**કર્ણાટકની** કંપનીના માલિકને બેંગલોરમાં વૂપ શરૂ કરીને તેમાં ભાગીદાર બનાવી 25 હજાર શેર આપવાની વાત કરી હતી

**બાદમાં** બંને માલિક નિશા મહેન્દ્રુ અને તેના પુત્ર રજતે ટુકડે ટુકડે 6.75 કરોડ લઈ લીધા

સુરતઃ બંગ્લોર-કર્ણાટકની કામધેનુ કંપનીના માલિક સાથે સુરતના વૂપ ગેમઝોનના માલિક માતા-પુત્રએ રૂ.6.75 કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વેસુ પોલીસમથકમાં નોંધાઈ છે. જેની તપાસ આર્થિક ગુના નિવારણ શાખાની ટીમ કરી રહી છે. સુરત ડુમસ રોડ પર ગવિયર ગામમાં આવેલા વૂપ ગેમઝોનના માલિક માતા-પુત્રએ પોતે બેંગ્લોરમાં વૂપ શરૂ કરવાના બહાને રૂપિયા પડાવી લીધા

...અનુસંધાન પાના 5 પર

### ખોટા શેર સર્ટિફિકેટ આપીને હિસાબ નહીં આપી શેરહોલ્ડર તરીકેની માન્યતા પણ નહીં આપી

વિશ્વાસમાં આવી સદાનંદ મંધ્યાનએ તબક્કાવાર કુલ રૂ. ૬.૭૫ કરોડ જેટલી રકમ ટ્રાન્સફર કરી હતી. જોકે, બાદમાં આરોપીઓએ ખોટા શેર

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર


દુઃખદ અવસાન બેસણું



સ્વ. રમેશભાઈ ઠાકોરભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૩ સ્વ. તા. ૧૪/૦૪/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ/કાકા શ્રી સ્વ. રમેશભાઈ ઠાકોરભાઈ પટેલનું તા. ૧૪/૦૪/૨૦૨૬ને મંગળવાર ના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૧૬/૦૪/૨૦૨૬ ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે. અમારા નિવાસ સ્થાને રાખેલ છે. પ્રભુ એમની દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.
લિ. પાર્વતીબેન રમેશભાઈ પટેલ
સ્વ. ગમનભાઈ ઠાકોરભાઈ પટેલ ગં.સ્વ. પ્રેમીલાબેન ગમનભાઈ પટેલ
મનીષાબેન ધર્મેશભાઈ પટેલ આશાબેન મનીષભાઈ પટેલ
પન્નાબેન નરેશભાઈ પટેલ મિનાક્ષીબેન કિરીટભાઈ પટેલ
નિલમબેન વિનયભાઈ પટેલ
સ્થળ : ગાંધી ફળીયું, ભીમરાડ ગામ, તા. મજુરા, સીટી, સુરત.

પાંચમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ





સ્વ. રૂક્ષ્મણીબેન રતનજીભાઈ પટેલ સ્વ. તા. ૧૫/૦૪/૨૦૨૧
સ્વ. રતનજીભાઈ રામજીભાઈ પટેલ સ્વ. તા. ૨૫/૧૧/૨૦૧૫
અમારા જીવનનું ઘડતર કરી આપે અમોને ઉજ્જવલ બનાવ્યા, આપની મહેનત, નિષ્ઠા અને પુરુષાર્થ થકી અમો જીવનમાં સફળતા પામ્યા. જીવનભર આપના અમી ભર્યા આશીર્વાદ અમારા પર વરસતા રહે. આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રભુ પાસે પ્રાર્થના.
લિ.
ડૉ. અમૃતભાઈ રતનજીભાઈ પટેલ દમયંતીબેન મગનભાઈ કેસરીયા
બાબુભાઈ રતનજીભાઈ પટેલ કાલીદાસ રતનજીભાઈ પટેલ
માહ્યાવંશી મહોલ્લો, મુ. નાની ધામડોદ, તા. પલસાણા, જિ. સુરત.

।। नवमीं पुण्यतिथि पर श्रद्धांजलि ।।



जन्म दिनांक 10-12-1984
स्व. कुणाल साव
स्व. दिनांक 15-04-2017
नौ वर्ष बीत गये पर आपकी याद आज भी उतनी ही जीवंत है।
आप हमारे दिलों में सदा अमर रहेंगे।
समय बीतता गया, पर आपकी कमी कभी पूरी नहीं होगी।
आपकी यादें ही अब हमारी सबसे बड़ी धरोहर हैं।
नवमीं पुण्यतिथि पर हम सभी आपको भावभीनी श्रद्धांजलि अर्पित करते है।
।। श्रद्धावनत ।।
शकुंतला - पुरूषोत्तम साव (माता-पिता)
प्रार्थना - डॉ. मुर्तुजा रेलवेवाला (बहन-बहनोई),
स्तुति - राहुल शेठ
कायरा (पुत्री), आमीर (भांजा)
एवं समस्त साव परिवार
Firm : Laxmi Cargo Movers (P) Ltd.

ક્ષત્રિય દુઃખદ અવસાન-બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન અ. સૌ ચંદ્રિકા જયંત વૈદ્ય નું તા. ૧૪-૦૪-૨૦૨૬ ના મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
।। સદ્ગતનું બેસણું ।।
તા. ૧૫-૦૪-૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.
।। બેસણાનું સ્થળ ।।
ધમણવાલા એ.સી હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.
સ્વ. અ.સૌ. ચંદ્રિકા જયંત વૈદ્ય
સ્વ. તા. ૧૪-૦૪-૨૦૨૬
લિ.
ડૉ. જયંત ચુનીલાલ વૈદ્ય
ડૉ. કલ્પેશ જયંત વૈદ્ય મિતાલી કલ્પેશ વૈદ્ય
ડૉ. રાકેશ જયંત વૈદ્ય લીના રાકેશ વૈદ્ય
ભીષ્મ કલ્પેશ વૈદ્ય રાધા ભીષ્મ વૈદ્ય
ડૉ. નીલ રાકેશ વૈદ્ય પ્રતિક્ષા નીલ વૈદ્ય
પીયુષ મનહરલાલ બચકાનીવાલા ગીતા પીયુષ બચકાનીવાલા
વિષ્ણુ ભુપેન્દ્રભાઈ મશરૂવાલા ભૈરવી વિષ્ણુ મશરૂવાલા
જુલી રાકેશ વૈદ્ય, મિહિર પીયુષ બચકાનીવાલા, વત્સલ પીયુષ બચકાનીવાલા
અનાયા- જીઆન- હિદય- હર્શિવ

અનાવિલ અવસાન



અમારા સ્વજન શ્રી મગનલાલ લલ્લુભાઈ નાયકનું આજ રોજ તા. ૧૪/૦૪/૨૦૨૬ના રોજ દુઃખદ નિધન થયું છે. પ્રભુને ગમ્યું તે ખરું. સદગતની અંતિમ યાત્રા તારીખ ૧૫/૦૪/૨૦૨૬ ના સવારે ૮ વાગ્યે અમારા નિવાસ સ્થાનેથી નીકળી રામનાથ ઘેલા સ્મશાનભૂમિ ઉમરા ખાતે જશે.
લૌકિક રિવાજો બંધ છે.
લિ.
શોભનાબેન મગનલાલ નાયક
જતીન મગનલાલ નાયક
દિપ્તી જતીન નાયક
દિપ્તી આશુતોષ દેસાઈ
આશુતોષ અનીલભાઈ દેસાઈ
સ્વ. મગનલાલ લલ્લુભાઈ નાયક
સ્વ. તા. ૧૪/૦૪/૨૦૨૬
એડ્રેસઃ ૩૦૪ સન્નિવાસ ફ્લેટસ ઘોડ-દોડ રોડ, સુરત.



।। દુઃખદ અવસાન - બેસણું ।।
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૂ. પિતાશ્રી
મધુસુદન ચંદુલાલ કાંટલીવાલા
તા. ૧૪-૦૪-૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
સદ્ગતનું બેસણું તા. ૧૫/૦૪/૨૦૨૬ને બુધવાર સમય સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નિવાસ સ્થાનઃ B-૬૩, આશીર્વાદ રેસીડન્સી, અલથાણ, સુરત. મો. 88667 66290, 90332 66329
લિ. સ્વ. સવિતાબેન મધુસુદન કાંટલીવાલા
હેમંતભાઈ મધુસુદન કાંટલીવાલા રક્ષાબેન હેમંતભાઈ કાંટલીવાલા
સ્વ. જયોતિન્દ્રભાઈ મધુસુદન કાંટલીવાલા પદમીનીબેન જયોતિન્દ્રભાઈ કાંટલીવાલા
વિક્રમ જયોતિન્દ્રભાઈ કાંટલીવાલા શિવાની વિક્રમભાઈ કાંટલીવાલા
યુવાંશ વિક્રમ કાંટલીવાલા
સ્વ. મધુસુદન ચંદુલાલ કાંટલીવાલા
સ્વ. તા. ૧૪/૦૪/૨૦૨૬

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદધાંજલિ



તમારૂં જીવન અમારા માટે પ્રેરણા હતી.
તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા.
આપના પુણ્યાત્માની દિવ્ય જ્યોતીનો પ્રકાશ
અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.
આપનું આત્મીયતા સભર વ્યક્તિત્વ ક્યારેય નહી વિસરાઈ.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...
સ્વ. ગુરુસિધ્ધાસ્વામી હિરેમથ
22-Jul-1972 - 15-Apr-2021
લિ. વેલોક્સ પરિવાર
VELOX AUTOMATION PVT. LTD

અશુભ - બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા બનેવી રમેશભાઈ ઠાકોરભાઈ પટેલ ભીમરાડ નિવાસી તા. ૧૪.૦૪.૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
સદ્ગતનું બેસણું
તા. ૧૬.૦૪.૨૦૨૬ને ગુરૂવારે સવારે ૧૦.૩૦ થી બપોરે ૧ કલાકે અમારા નિવાસસ્થાન - શિવ શક્તિ ફાર્મ હાઉસ, બસ સ્ટોપ પાસે, ગવિયર મુકામે રાખવામાં આવેલ છે.
સ્વ. રમેશભાઈ ઠાકોરભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૦૪/૨૦૨૬
લિ. સ્વ. ધનસુખભાઇ મકનભાઇ પટેલ
સતિષભાઇ મકનભાઇ પટેલ
ઠાકોરભાઇ (પ્રકાશભાઇ) મકનભાઇ પટેલ
નિર્મલ ધનસુખભાઇ પટેલ